**પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૮/૦૫/૨૦૨૨ થી તા. ૧૪/૦૫/૨૦૨૨ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-**

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૯/૨૦૨૨ તા.૧૦/૦૫/૨૦૨૨ :-**

તા ૧૦/૦૫/૨૦૨૨ના રોજ વુ.હે.કો. દિપીકાબેન અતિનભાઇ બ.નં. ૧૦૩૭ સુરત રે.પો.સટે.મા હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે મહેમુદ વોરા તથા રીયા પટેલ નાઓને સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં. ૦૧ ઉપરથી તા. ૧૦/૦૫/૨૨ ના રોજ બે છોકરાઓ મળી આવતા તેઓને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુમન એ.એસ.આઇ મનિષા મધુકર બ. ન. ૪૩૫ નાઓએ તેઓના નામ, ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) સુરેશ નરેશભાઇ યાદવ, ઉં.વ.૧૩, ધંધો-અભ્યાસ, રહે. બરેલી, પશ્ચિમ ફતેહગંજ, ઘેરાપનવડીયા યુ.પી. (૨) સાજન નરેશભાઇ યાદવ ઉં.વ.૮ ધંધો-અભ્યાસ, રહે. બરેલી પશ્ચિમ ફતેહગંજ, ઘેરાપનવડીયા યુ.પી. વાળા હોવાનુ હોવાનુ જણાવેલ અને તેઓ પાણીની બોટલ ભરવા માટે ટ્રેનમાંથી ઉતરેલ અને ટ્રેન ચાલુ થઇ ગયેલ જેથી પોતાના માતા પિતાથી વિખુટા પડી ગયેલ અને હાલ કોઇના મોબાઇલ નંબર યાદ ન હોય જેથી છોકરાના વાલી-વારસો મળી ન આવે ત્યાં સુધી તેઓને શ્રી વી.આર. પોપાવાલા, ચિલ્ડ્રન હોમ, ફોર બોયઝ, કતારગામ, સુરત ખાતે મુકવામા આવેલ છે

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૦૫/૨૦૨૨ તા.૧૧/૦૫/૨૦૨૨ :-**

તા ૧૧/૦૫/૨૦૨૨ ના રોજ પો.સ.ઇ.શ્રી બી.એ. ઘાંચી તથા વુમન હે.કો. દિપીકાબેન અતિનભાઇ બ.નં. ૧૦૩૭ સુરત રેલ્વે સ્ટેશન ઉપર હાજર હતા તે વખતે એક છોકરી મળી આવતા તેને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર નાઓએ તેમના નામ, ઠામ પુછતા પોતે પોતાના નામ પ્રમિલાકુમારી ડો/ઓ દિતીયાભાઇ વાખલા ઉં.વ. ૧૯, ધંધો-નર્સિંગકોર્ષ, રહે. ગામ નાડ તહસીલ, રાનાપુર, થાના કુંદનપુર, જી. ઝાંબુઆ (એમ.પી.)ની હોવાનુ અને તા. ૧૯/૦૮/૨૧ ના રોજ પોતાના ગામ નાડથી ઝાંબુઆ ખાતે નર્સિંગ કોર્ષ કરવા ગયેલ તે વખતે બોલેરો ગાડી ચલાવનાર તથા તેની સાથેના ઇસમો તેમજ મહિલાઓએ તેને ગાડીમા બેસાડી કયા લઇ ગયેલ તેની ખબર નથી અને કોઇ અજાણી જગ્યાએ રૂબરૂમા બંધ કરેલ હતી અને ત્યાંથી ભાગી સુરત રેલ્વે સ્ટેશન આવેલ હોવાનુ જણાવતા તેને તેના પિતા નામે દિતીયાભાઇ નાઓનો મો.નં. ૬૩૫૪૫૨૫૧૫૪ ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓ જણાવે છે કે અમે તેને આઠ મહિનાથી શોધીએ છીએ અને તે ગુમ થયા અંગેની રાણપુર પો.સ્ટે.મા અરજી પણ કરેલ છે અને તેને લેવા માટે આવવાનુ જણાવતા તા. ૧૧/૦૫/૨૨ ના રોજ તેના પિતા દિતીયાભાઇ તથા રાણપુર પોલીસ સ્ટેશન મધ્યપ્રદેશના પો.કો. દિપક અલાવા નાઓ સુરત રે.પો.સ્ટે.મા આવી રીપોર્ટ તથા ગુમશુદા અરજીની કોપી આપતા સદર છોકરીનો કબજો સ્વસ્થ હાલતમા તેના પીતા તથા રાણાપુર પોલીસને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

**(૩) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૧/૨૦૨૨ તા.૧૧/૦૫/૨૦૨૨ :-**

તા ૧૧/૦૫/૨૦૨૨ના રોજ વુ.હે.કો. દિપીકાબેન અતિનભાઇ બ.નં. ૧૦૩૭ સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અસ્મીતા મુનિયા તથા હેતલ રાઠોડ નાઓએ એક છોકરાને સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ મનિષા મધુકર બ.ન. ૪૩૫ નાઓએ તેનુ નામ, ઠામ પુછતા પોતે પોતાનુ નામ આરેશ સ/ઓ પ્રવિણ રાઠોડ ઉં.વ. ૪ રહે. મ.નં. ૨૧૯ સંજયનગર લીંબાયત ઉધના સુરત મુળ રામદેવવાડી તા. જલગાંવ, જી. જલગાંવ મહારાષ્ટ્ર વાળો પોતાના પિતા સાથે રામદેવવાડી ખાતે જવા માટે સુરત રેલ્વે સ્ટેશન આવેલ અને પોતાના પિતાથી વિખુટો પડી જતા સુરત રેલ્વે સ્ટેશન તેમજ આજુબાજુના વિસ્તારમા પુછપરછ કરતા વાલી-વારસો મળી આવેલ ન હતા જેથી સુરત રેલ્વે પોલીસ સ્ટેશનમા લાવી રજુ કરતા તે દરમ્યાન તેના પીતા નામે પ્રવિણ ઉર્ફે બબલુ નાઓ સુરત રે.પો.સ્ટે.મા આવી બાળકને ઓળખી બતાવતા તેમનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકનો કબજો તેના પિતાને રૂબરૂમા સોંપવામા આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૮/૨૦૨૨ તા.૧૨/૦૫/૨૦૨૨ :-**

તા ૧૨/૦૫/૨૦૨૨ના રોજ હે.કો. રમણભાઇ સુરમલભાઇ નાઓ સુરત રે.પો.સ્ટે.મા પો.સ્ટે. ઓફિસર તરીકે હાજર હતા તે વખતે ચાઇલ્ડ લાઇન ટીમના સભ્ય નામે અશોક બાગુલ તથા પ્રતિક તડવી નાઓને સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં. ૦૨ ઉપરથી એક છોકરો મળી આવતા સુરત રે.પો.સ્ટે.મા લાવી રજુ કરતા વુ.એ.એસ.આઇ મનિષા મધુકર બ.ન. ૪૩૫ નાઓએ તેનુ નામ, ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) રોહીત રામસીંગ સોલંકી ઉં.વ. ૧૪, ધંધો-અભ્યાસ, રહે. ગામ સીરોજીયા તા. ગૌતમપુરા ઇન્દોર વાળો હોવાનુ અને પોતે કામ કરવા માટે ઘરે કોઇને કહ્યા વગર સુરત આવેલ હોવાનુ જણાવતા તેની પાસેથી તેના વાલી-વારસોનો સંપર્ક નંબર યાદ ન હોય જેથી તેના વાલી-વારશો મળી ન આવે ત્યાં સુધી તેને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, કતારગામ, સુરત ખાતે મુકવામા આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૧૯/૨૦૨૨ તા.૧૪/૦૫/૨૦૨૨ :-**

તા ૧૪/૦૫/૨૦૨૨ના રોજ વુ.એ.એસ.આઇ મનિષા મધુકર બ.ન. ૪૩૫ નાઓ સુરત રે.પો.સ્ટે.મા હાજર હતા તે વખતે એક ટ્રક ડ્રાઇવર નામે કુંભાર નેમારામ બાવરી ઉં.વ.૨૦, રહે. ચકિયારી બિલ્ડીંગ, ભૈયાનગર, સીતાનગર પાસે, પુનાગામ, સુરત મુળ ગામ તહેનદેસર તા. સુજાનગઢ, થાના-સાન્ડવા, જી. ચુરૂ રાજસ્થાન વાળાએ સુરત રે.પો.સ્ટે.મા આવી જણાવેલ કે, પોતે તથા પોતાની પત્ની ગુડ્ડી તથા બે બાળકો જેમા દિકરી તન્નું ઉંમર વર્ષ ૪.૫ (સાડા ચાર વર્ષ) તથા દિકરો નામે જયપ્રકાશ ઉં.વ. ૦૧ નાઓ સાથે સુરત રેલ્વે વોશીંગ યાર્ડ પાસે આવેલ સીક યાર્ડમા પોતાની ટ્રક લઇને રેલ્વેનો સામાન ઉતારવા રાતના બાર વાગે આવેલ તે પછી ત્યાં પોતાની ટ્રક પાર્ક કરી સુંઇ ગયેલ અને મોડી રાતના જાગીને જોતા પોતાની દિકરી નામે તન્નું જણાયેલ નહી અને આજુબાજુ તપાસ કરતા મળી આવેલ નહી તેવી હકિકત જણાવતા તુરત જ ના.પો.અધિ.શ્રી પ.રે. સુરત વિભાગ સુરત નાઓને જાણ કરી પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી શોધખોળ કરતા રેલ્વે સ્ટેશન, વોશીંગ યાર્ડ, ગોદી, અપ-ડાઉન ટ્રેનો ઉપર તેમજ સુરત શહેર આજુરાજુના વિસ્તારોમા બાળકીના માતા-પિતાને સાથે રાખી શોધખોળ કરતા સુરત સુમુલ ડેરી રોડ ફુટપાથ ઉપરથી સદર બાળકી મળી આવતા તેને લઇ તેની મેડીકલ ચકાસણી કરાવતા તેની સાથે કોઇ પણ જાતનો અઘટીત બનાવ બનેલ નહીં હોવાનુ જણાવતા સદર બાળકીનો કબજો તેના માતા-પિતાને સ્વસ્થ હાલતમા સોંપવામા આવેલ છે.

**"પો.અધિ.શ્રીના આદેશથી "**

Sd/-
(એસ.ડી. ભટ્ટ)
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા